દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
શુક્રવાર ૪ એપ્રિલ, ૨૦૨૫

અબજોપતિઓ ભલે વધ્યા, ગરીબોના જીવનનો સંઘર્ષ ઘટતો નથી

હાલમાં પ્રગટ થયેલા એક અહેવાલ મુજબ ભારતના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી વિશ્વના ટોચના દસ ધનિકોની યાદીમાંથી બહાર નિકળી ગયા છે. તેમની કંપનીઓના વધતા દેવાના સ્તરને કારણે ગયા વર્ષે તેમની મિલકતોમાં રૂ. ૧ લાખ કરોડનો ઘટાડો થયા બાદ તેઓ આ યાદીમાંથી બહાર થઇ ગયા છે. જો કે આમ છતાં મુકેશ અંબાણીએ ભારતના સૌથી ધનવાન તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. હુરુન ગ્લોબલ રિચ લિસ્ટમાં ભારતના સૌથી ધનિક શખ્સ તરીકે મુકેશ અંબાણી છે તો બીજા ક્રમે અદાણી ગ્રુપના અધ્યક્ષ ગૌતમ અદાણી છે. અદાણી ભારતના સૌથી મોટા વેલ્થ ગેઇનર છે એટલે કે વર્ષ દરમ્યાન તેમની મિલકતોમાં સૌથી વધુ વધારો થયો છે. તેમની નેટવર્થમાં ૧૩ ટકા(રૂ. એક લાખ કરોડ)નો વધારો થયો છે. રોશની નાદરે ભારતના ટોચના દસ ધનિકોની યાદીમાં પ્રવેશ કર્યો છે. આ યાદીમાં તેઓ એક માત્ર મહિલા છે. અને વિશ્વમાં તેઓ પાંચમા ક્રમના સૌથી ધનવાન મહિલા છે. હાલમાં જ એચસીએલના સ્થાપક શિવ નાદરે તેમની પુત્રી રોશનીને કંપનીનો ૪૭ ટકા હિસ્સો ટ્રાન્સફર કર્યો હતો. આ કારણે તેઓ પહેલી વખત ધનવાનોની ટોપ ટેન યાદીમાં શામેલ થયા છે. રોશની નાદર વિશ્વના પાંચમા ક્રમના સોથી ધનિક મહિલા બન્યા છે તે ભારત માટે ગૌરવ લેવા જેવી બાબત ગણી શકાય ખરી, પરંતુ તેઓ આપબળે ધનવાન બન્યા નથી પરંતુ પિતા તરફથી મળેલ સંપત્તિના આધારે ધનવાન બન્યા છે તે પણ અહીં નોંધવું પડે. વૈશ્વિક ધનિકોની યાદીમાં જોઇએ તો ટેસ્લા અને સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઇલોન મસ્ક હજી પણ દુનિયાના સૌથી ધનવાન માણસ છે. તેઓ છેલ્લા કેટલાક વર્ષથી આ યાદીમાં સતત પ્રથમ સ્થાને રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ ફરી વાર અમેરિકી પ્રમુખપદે ચૂંટાયા બાદ મસ્કની નેટવર્થમાં ૮૨ ટકા(૧૮૯ અબજ ડોલર)ની વૃદ્ધિ થઇ છે. વિશ્વના ધનિકોની યાદીમાં એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ બીજા ક્રમે છે. ફેસબુકવાળા માર્ક ઝુકરબર્ગ ત્રીજા સ્થાને છે. વિશ્વમાં કુલ ૩,૪૫૬ અબજોપતિઓ છે, જે ૨૦૨૪ માં નોંધાયેલા ૩,૨૭૯ કરતા ૧૭૭ વધુ છે. આ ૫% નો વધારો દર્શાવે છે. ભારતમાં અબજોપતિઓની સંખ્યા અગાઉ 271 હતી તે વધીને 284 થઈ ગઈ છે. અહીં એ પણ નોંધનીય છે કે આ અબજપતિઓની જે ગણતરી કરવામાં આવી છે તેમાં એક અબજ ડોલર કે તેથી વધુ મિલકત ધરાવતા લોકો છે. રૂપિયાની રીતે અબજપતિઓ ભારતમાં આનાથી નોંધપાત્ર સંખ્યામાં વધારે હશે.

અબજપતિઓની આ વાતો સામાન્ય લોકોને બહુ બહુ તો થોડો રસ પુરો પાડી શકે. સામાન્ય વ્યક્તિઓ, ખાસ કરીને ગરીબોએ તો રોજબરોજના જીવનમાં સખત સંઘર્ષોનો જ સામનો કરવાનો રહેતો હોય છે. મુંબઇ શહેરમાં ૯૦ અબજપતિઓ છે, થોડા વધુ કરોડપતિઓ હશે તો તેની સામે લાખો ગરીબો છે જેમને બે છેડા ભેગા કરવાનું પણ મુશ્કેલ બને છે. તીવ્ર આર્થિક અસમાનતાની આ જ વરવી વાસ્તવિકતા છે.

જોગાનુજોગ સંજોગ

વિદેશથી એક પત્રકાર એક બૌદ્ધ મુનિની મુલાકાત લેવા આવ્યો હતો. આશ્રમમાં બે દિવસ રોકાયો. રોજ સવાર-સાંજ બૌદ્ધ મુનિ પ્રવચન દ્વારા ઉપદેશ આપતા અને ઘણી બાબતો સમજાવવાની કોશિશ કરતા. આજે પ્રવચનમાં બૌદ્ધ મુનિએ 'જોગાનુજોગ-સંજોગ' ની વાતો કરી. પત્રકારને તેમાં કઇ સમજ પડી નહિ. નક્કી કર્યા મુજબ પ્રવચન બાદ મુનિ પત્રકારને ખાસ મુલાકાત આપવાના હતા. પ્રવચન પૂરું થયું. થોડીવાર વિશ્રામ કર્યા બાદ; મુનિ પત્રકારને મુલાકાત માટે બોલાવ્યો પત્રકારના મનમાં ઘણા પ્રશ્નો હતા... પણ હંમણા થોડીવાર પહેલાના પ્રવચનમાં મુનિશ્રીએ જોગાનુજોગ- સંજોગની જે વાત કરી તે પત્રકારને મુંઝવી રહી હતી તેથી તેણે પહેલો પ્રશ્ન કર્યો, "મુનિશ્રી આપણા પ્રવચનમાં આપે જે જોગાનુજોગ- સંજોગની વાતો કરી તે મને સમજાઈ નહિ અને મુંઝવી રહી છે; આપ કૃપા કરી મને તે સમજાવશો."

મુનિશ્રી હાસ્ય અને પછી પત્રકારના સવાલનો જવાબ આપવાને બદલે પત્રકારને પ્રશ્ન પૂછવા લાગ્યા મુનિશ્રીએ પૂછ્યું, "તમે ક્યાંથી આવો છો? ઘરમાં કોણકોણ છે?" પત્રકારને ન ગમ્યું કે આ અંગત સવાલો પૂછવાનો શો અર્થ છતાં તેણે ટૂંકમાં જવાબ આપ્યા કે, "હું ચીલી દેશમાં રહું છું, માતા મૃત્યુ પામી છે. પિતા અને બે ભાઈ અને એક બહેન છે. બધાનાં લગ્ન થઇ ગયા છે."

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

મુનિશ્રીએ પૂછ્યું, "તમે તમારા પિતા સાથે વાત કરો છો? છેલ્લે ક્યારે વાત કરી?" પત્રકારના મુખ પર આ સવાલોનો કંટાળો દેખતો હતો તેણે જવાબ આપ્યો, "કદાચ છેલ્લે મહિના પહેલાં વાત કરી હશે" પત્રકારની ચીડ દેખાતી હોવા છતાં મુનિશ્રીએ પ્રશ્ન પૂછ્યો,

"તમે ભાઈ બહેનો એકબીજાને મળવા ભેગા થાવ છો? અને છેલ્લે ક્યારે મળ્યા હતા?" પત્રકારે કંટાળાથી કહ્યું, "છેલ્લે બે વર્ષ પહેલાં... બે દિવસ માટે ક્રિસમસ પર મળ્યા હતા... પછી મળ્યા નથી." મુનિશ્રીએ પૂછ્યું, "શું તે બે દિવસમાં તમે બધાં તેમારા પિતા સાથે વાતો કરી? તેમની તબિયત વિષે પૂછ્યું? તેમની સાથે જમ્યા...?"

પત્રકાર ચૂપ હતો તેની પાસે કોઈ જવાબ ન હતો તેની આંખોમાં દુઃખ ઊભરાયું. મુનિશ્રીએ પત્રકારના હાથ પર હાથ મૂકી સમજાવ્યું, "દુઃખી ન થવાની જરૂર નથી... મેં તને દુઃખી કરવા આ પ્રશ્નો નથી પૂછ્યા, તારા પ્રશ્નનો જવાબ આપવા પૂછ્યા છે. તું તારા પિતા સાથે જોગાનુંજોગથી જોડાયેલો છે પણ તમારી વચ્ચે સ્નેહ સંજોગ નથી હૃદયથી હૃદય જોડાયેલું નથી. સાથે બેસવું-જમવું-વાતો કરવી, એકબીજાની ચિંતા કરવી, થોડો સમય બધું ભૂલીને એકમેકની સાથે નિભાવવો સાચો સંબંધ છે.

વિશ્વસત્તાના બદલાતા સમીકરણો વચ્ચે અમેરિકાનો 'મુક્તિ દિવસ'

કહેવાની વાત

નેહા શાહ

જગત જમાદારી કરતું અમેરિકા દાવો કરે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં 'શોષણ' થાય છે તો એ વાત હાસ્યાસ્પદ લાગે. એક સમયે ઉત્પાદન ખર્ચને ઘટાડવા અને બજારને વિસ્તારવા વિકસિત દેશો વૈશ્વિકરણની હિમાયત કરતા હતા, અમેરિકા એમાં મોખરે હતું

ત્રણ દાયકા પહેલા કોણે વિચાર્યું હતું કે વિશ્વની આર્થિક ગતિવિધિઓ આવો યુ-ટર્ન લેશે. આપણી શાળા-કોલેજોમાં હજુ પણ ૧૯૯૧માં ભારતે અપનાવેલા ઉદારીકરણનો મહિમા શિખવાડાય છે. મુક્ત વ્યાપારના ફાયદા સમજાવાય છે. ત્યારે, બીજી એપ્રિલે અમેરિકા વિશ્વના મોટાભાગના દેશો પર 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવી પારસ્પરિક જકાત નાખી વૈશ્વિક વ્યાપાર પર નિયંત્રણ લાદવાની તૈયારી કરી છે - મુક્ત વેપારના વિચારથી બિલકુલ વિપરીત! રાષ્ટ્રપતિ ટ્રમ્પ બીજી એપ્રિલને 'મુક્તિ દિવસ' કહી રહ્યા છે - આયાતી વસ્તુઓ પરના અવલંબનથી મુક્તિ! ૨૦૨૪ના વર્ષમાં અમેરિકાની વ્યાપારી ખાધ ૨.૭૬ ટ્રીલીયન ડૉલરની હતી. જકાતના દર વધવાથી અમેરિકાને દર વર્ષે ૬૦૦ બિલિયન ડૉલરની વધારાની કમાણી થશે એવી ગણતરી મુકવામાં આવે છે. ટ્રમ્પ સરકારનો દાવો છે કે આ બદલાવથી અમેરિકાનાં અર્થતંત્રને ઘણો મોટો ફાયદો થશે, કારણ કે આયાતી વસ્તુઓ મોંઘી થતાં લોકો અમેરિકામાં ઉત્પાદિત વસ્તુઓ ખરીદશે જેથી અમેરિકામાં ઉત્પાદન વધશે. આ સંદર્ભે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે 'વર્ષોથી તેમણે (અમેરિકાને નિકાસ કરતા દેશો) અમારું એટલું શોષણ કર્યું છે જેવો ઈતિહાસમાં કોઈ દેશ ક્યારેય શોષિત થયો નથી અને અમે તેમની તુલનામાં ઘણાં વધુ નમ્ર રહેશું, પરંતુ દેશ માટે આ એક મહત્ત્વપૂર્ણ રકમ છે.' તેમણે આરોપ મૂક્યો કે અમેરિકા વધુ માલ આયાત કરે છે અને ઓછો નિકાસ કરે છે, જેના કારણે તેનું શોષણ થયું છે!

જગત જમાદારી કરતું અમેરિકા જ્યારે દાવો કરે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં એમનું 'શોષણ' થાય છે તો એ વાત હાસ્યાસ્પદ લાગે. એક સમયે ઉત્પાદન ખર્ચને ઘટાડવા અને બજારને વિસ્તારવા વિકસિત દેશોના ઉદ્યોગપતિઓ અને શાસકો વૈશ્વિકરણની હિમાયત કરતા હતા. અમેરિકા એમાં મોખરે હતું. કોઈ પણ આર્થિક મદદ સામે અમેરિકા કે એના વર્ચસ્વ હેઠળ ચાલતી વિશ્વ બેંક, આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠન આયાત પર જકાત ઘટાડવાનું અને આંતરરાષ્ટ્રીય મૂડી રોકાણ માટે દરવાજા ખોલવા માટે દબાણ કરતા હતા. આજે વિશ્વની 40 ટકાથી વધુ નિકાસ વિકાસશીલ દેશો કરી રહ્યા છે, કારણ કે એમની પાસે સસ્તી મજૂરીનો ફાયદો છે જે અમેરિકા પાસે નથી. જ્યાં ઉત્પાદન વધારે ત્યાં રોજગારની તક વધારે, એવી સાદી ગણતરીએ અમેરિકામાં રોજગારની તકો સંકોચાઈ છે. રાજકીય અને આર્થિક રીતે અમેરિકા સૌથી શક્તિશાળી દેશ ખરો, છતાં ય અહીં પણ આર્થિક વિષમતા છે. એક તરફ દુનિયાભરમાં મૂડી રોકાણ કરીને અત્યંત શ્રીમંત અને શક્તિશાળી બનેલો વર્ગ છે, તો સામે નોકરી ગુમાવતો અને વધતા ભાવોની સામે રોજરોજ ઝઝૂમતો વર્ગ ઘણો મોટો છે. પાછલા એક દાયકામાં એમની ખરીદ શક્તિમાં ખાસ કોઈ વધારો થયો નથી. સરકાર તરફથી મળતી કલ્યાણકારી યોજનાથી તેઓ ટકી રહ્યા છે પણ, તેમના માટે આર્થિક તકો ખુલી નથી રહી. તેમને ઓછા વેતને મજુરી કરવા તૈયાર પ્રવાસી મજુરો પ્રત્યે અણગમો છે. સસ્તી કિંમતે ઉત્પાદન કરી અમેરિકાના બજારમાં વેચતા દેશો દુશ્મન લાગે છે અને યુરોપના દેશો પ્રતિસ્પર્ધી લાગે છે. સૌથી શક્તિશાળી દેશ હોવા છતાં દુનિયાભરના દેશો ભેગા મળી અમેરિકાનું 'શોષણ' કરે છે એ વાતમાં એમને વિશ્વાસ પડે છે. વિકાસના ફાયદાથી સતત વંચિત રહેલા વર્ગ માટે બાકીની દુનિયાને દુશ્મન માની ચાલવું સરળ છે.

વ્યાપારી ખાધને કારણ ગણી પારસ્પરિક જકાતની નીતિની વાત આગળ ધરાઈ છે, પણ અમેરિકાની ઊંચી વ્યાપારી ખાધ પાછળનું એક મહત્ત્વનું કારણ ડૉલરના ઊંચા ભાવ છે. વિશ્વ પર વર્ચસ્વ જમાવી રાખવા માટે અમેરિકાનો કોઈ પણ નેતા વૈશ્વિક ચલણ તરીકે ડૉલરના વિકલ્પને ઊભો થવા દેતો નથી. વિશ્વના મોટાભાગના વેપારની લેણદેણ ડૉલરમાં થતી હોવાને કારણે ડૉલરની માંગ ઊંચી રહેવાની જેને કારણે ડૉલરનો વિનિમય દર ઊંચો રહેવાનો. પરિણામે અમેરિકાથી નિકાસ થતી ચીજ વસ્તુ મોંઘી જ રહેવાની અને વિશ્વના બજારમાં એની માંગ ઓછી જ રહેવાની. આની સામે પાછલા ત્રણ દાયકામાં ઘણા વિકાસશીલ દેશોએ ઘણી પ્રગતિ કરી છે અને હવે ઉત્પાદનનો પાયો પોતાના દેશમાં ઊભો કર્યો છે જેને કારણે ઘણી વસ્તુઓમાં અમેરિકાના વિકલ્પ ઊભા થયા છે. ચીન, ભારત અને મેક્સિકો જેવા દેશો દવાઓ, મેડિકલ સાધનો જેવી આવશ્યક વસ્તુઓ સસ્તા દરે બનાવી શકે છે.

ત્રણ દાયકામાં જગતના સમીકરણ બદલાયા છે. પહેલા વિકાસશીલ દેશોને વૈશ્વિકરણનો ભય લાગતો હતો. હવે, વર્તમાન મોડેલની શોષક ઝાળ વિકસિત દેશોને દઝાડે છે. જેની ત્યાંના રાજકીય ઉથલ-પાથલ પર મોટી અસર છે. દેશને ફરી 'મહાન' બનાવવાનો નારો પણ ત્યાંથી જ આવ્યો છે જેમાં એલન મસ્ક, જેફ બેઝોઝ અને માર્ક ઝુકરબર્ગ જેવા અતિ ધનાઢ્ય લોકો પણ ટેકો કરે છે - દેશ 'મહાન' બની રહે તો એમનો વ્યાપાર જગતમાં એમનો ઈજારો પણ બની રહે. મૂળ મુદ્દો એ છે કે અમેરિકાને આર્થિક સત્તાનો કાબૂ સહેજે ઢીલો નથી પાડવા દેવો જે માટે પોતાના રાજકીય મહાસત્તા હોવાનું પૂરેપૂરું જોર લગાવી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

નવી શિક્ષણ નીતિમાં પરણિત યુવતીઓએ અભ્યાસ છોડી દેવો પડશે?

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

પોસ્ટ ગ્રેજ્યુએટમાં પ્રવેશ માટે આવતી અનેક યુવતીઓના લગ્ન થઈ ગયા હોય છે અને આધાર કાર્ડમાં પિતાના નામને બદલાવી પતિનું નામ કરી દીધું હોય આવી દીકરીઓનું એ.બી.સી ખુલતું નથી કારણ કે તેમના નામ જુદા પડે છે! આ નામ ફેર એ ભૂલ નથી સમાજ વ્યવસ્થા છે

ભારત દુનિયાનો પ્રથમ એવો દેશ બની ગયો છે જે શિક્ષણ સંસ્થામાં પ્રવેશ માટે વિદ્યાર્થીની ભણવાની તાલાવેલી કે શૈક્ષણિક લાયકાત નહી પણ તેને સરકારી સોફ્ટવેરમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે કે નહિ તેને આધાર બનાવશે.

આમ તો અગિયારમાં ધોરણમાં પ્રવેશ માટે દસમું પાસ કરવું જરૂરી, કોલેજમાં પ્રવેશ માટે બારમું પાસ કરવું જરૂરી પણ નવી શિક્ષણ નીતિ અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ મુજબ કોલેજમાં પ્રવેશ માટે માત્ર પાસ થવું જરૂરી નથી. વિદ્યાર્થીએ જીકાસ(GCAS) પોર્ટેલ અને A.B.C. એટલે કે એકેડેમિક બેંક ઓફ ક્રેડીટમાં ખાતું ખોલાવવું જરૂરી છે. મતલબ કે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જો આ ન થાય તો તમે ગમે તેવા ટકા સાથે પાસ થયા હો તમને એડમિશન નહી મળે! નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત હવે રાષ્ટ્રીય કક્ષાએ એકેડમિક બેંક ઓફ ક્રેડીટ ઊભી કરવામાં આવી છે. વિદ્યાર્થીએ સૌ પ્રથમ આ એ.બી.સી.માં રજીસ્ટ્રેશન કરાવવાનું છે એટલે તે પરીક્ષા આપે અને જે ક્રેડીટ મેળવે તે તેમાં જમા થશે. હવે આ એકેડમિક બેંક ઓફ ક્રેડીટ ઘણા વિદ્યાર્થીઓ માટે માથાનો દુખાવો સાબિત થઇ છે કારણ કે, આ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં વિદ્યાર્થી પોતાના સ્કૂલ લીવીંગ સર્ટિને દાખલ કરશે, આધાર નંબર નાખશે અને અહીં રજીસ્ટ્રેશન તો જ થશે જો સ્કૂલ લીવીંગ અને આધાર કાર્ડમાં નામ સરખું હશે!

હવે આજથી વીસ વર્ષ પહેલા ગામડાની સ્કૂલમાં દાખલ થયેલા બાળકને ક્યાંથી ખબર હોય કે નવી શિક્ષણ નીતિમાં આ શાળા છોડ્યાનું પ્રમાણ પત્ર મોટી માથાકૂટ ઊભી કરશે અને સરકારે આધારકાર્ડ ફરજીયાત કર્યું ત્યારે ઉત્સાહમાં અનેક ખાનગી એજન્સીઓ એ આધારકાર્ડ કાઢી આપ્યા જેમાં નામ સ્પેલિંગમાં નાનામોટા અનેક છબરડા થયા આ ભૂલો અત્યારે શાળા કોલેજોમાં અપાર આઈડી અને એકેડમિક બેંક ઓફ ક્રેડીટ બનાવવામાં ભારે પ્રશ્નો ઊભા કરે છે. શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં નામ અને આધાકાર્ડમાં નામ જુદા હોવાના કારણે હેરાન થતા વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીનિઓના કિસ્સા દુઃખ ઉપજાવનારા છે કારણ કે, કોલેજમાં કે પોસ્ટ ગ્રેજ્યુએટમાં પ્રવેશ માટે આવતી અનેક યુવતીઓના લગ્ન થઈ ગયા હોય છે અને ઉત્સાહી કુટુંબીજનોએ આધાર કાર્ડમાં પિતાના નામને બદલાવી પતિનું નામ કરી દીધું હોય છે. હવે આવી દીકરીઓનું એ.બી.સી ખુલતું નથી કારણ કે તેમના નામ જુદા પડે છે અને મજાની વાત એ છે કે આ નામ ફેર એ ભૂલ નથી સમાજ વ્યવસ્થા છે. તો પ્રશ્ન એ થાય છે કે જેમણે આ એ.બી.સી.નું સોફ્ટવેર અને પ્રવેશના નિયમ બનાવ્યા હશે તેમને ખબર નહીં હોય કે છોકરીઓને અમુક ઉંમર પછી અભ્યાસ કરવાનો થશે તો વચ્ચે લગ્ન આવશે, લગ્ન થશે તો પોતાની પાછળ પિતાના નામની જગ્યાએ પતિનું નામ લાગવવું પડશે. આધાર કાર્ડમાં બદલવું પડશે અને ત્યારે લીવીંગ સર્ટી અને આધાર કાર્ડમાં નામ જુદા પડશે. આવી ખબર નહીં પડતી હોય! અંતે તો આ નિયમ સમાજમાં રહેનારા લોકોએ જ બનાવ્યા હશે ને? આઈ.એ.એસ. કક્ષાના બુદ્ધિમાન લોકોએ બનાવ્યા હશે. કુલપતિ કક્ષાના લોકોએ તેનો અભ્યાસ અને સેમિનારો કર્યા હશે. કોઈનું પણ ધ્યાન ન ગયું! આઘાતજનક બાબત તો એ છે કે કોલેજના પ્રિન્સીપાલો વિદ્યાર્થીનિઓને કડક શબ્દોમાં કહે છે કે તું તારું આધાર કાર્ડમાં નામ બદલાવી દે નહીં તો તારું એડમિશન રદ થશે. લો બોલો.

આ આખી વાત છેલ્લા છ મહિનાથી ચાલે છે, પણ હેરાન થતા વિદ્યાથીઓ, વાલીઓ ક્યાય ફરિયાદ કરતા નથી. કાળાકોટ અને કોટીઓ પહેરી શિક્ષણ નીતિના સેમિનારોમાં ફરતા વિદ્વાનો આ વિશે સરકારનું ધ્યાન દોરતા નથી. ગુજરતમાં સંશોધિત પત્રકારત્ત્વ લગભગ ખત્મ થઇ ગયું છે એટલે પત્રકારોને આવા પ્રશ્નો જાતે જડે તે વાત જ વિચારવી નહિ અને હા આ શિક્ષણનો મુદ્દો નથી. આ વહીવટનો મુદ્દો છે. શાસનનો મુદ્દો છે. કોઈ એક યોજના વ્યવસ્થા કે નિયમો અમલમાં મુકતા પહેલા તેના તમામ પ્લસ માઈન્સ પોઈન્ટ વિચારવા અને શક્ય એટલી ત્રુટીઓ દૂર કરવી તે શાસનનું કામ છે. આપણે આ જ કોલમમાં લખ્યું હતું કે હવે દેશમાં સોફ્ટવેરનો ધંધો ચાલ્યો છે અને સરકાર દ્વારા તે ખરીદાય તો પ્રજાના માથે ફરજીયાત મારી શકાય માટે જ એક પછી એક સોફ્ટવેરમાં નાગરિકો ફસાઈ રહ્યા છે.

આજે જે વિષયની આપણે ચર્ચા કરી રહ્યા છીએ તે માત્ર શિક્ષણના પ્રવેશનો નથી. આ પ્રશ્ન વન નેશન- વન આધારના નારા સાથે આવેલા આધાર કાર્ડ અને તેના વ્યાપક ફરજીયાત બનાવવાના તુક્કાનો છે. સુપ્રીમ કોર્ટે અનેક બાબતોમાં આધારકાર્ડને ફરજીયાત બનવા દીધું નથી, આમ છતાં વહીવટમાં બેઠેલા અધિકારીઓ દરેક બાબતમાં આધાર કાર્ડ મૂકી દે છે અને બીજા કોઈ પણ ડોક્યુમેન્ટ સાથે તેને મેચ કરવાના આદેશો કરે છે. એટલે દીકરાના આધારકાર્ડ સાથે બાપના આધારકાર્ડ પણ નાની નાની સ્પેલિંગ મિસ્ટેકથી મેચ નથી થતા. લગ્નના રજીસ્ટ્રેશનથી માંડીને અનેક દસ્તાવેજો આધાર સાથે લિન્ક કરવાની પ્રક્રિયામાં લાખો લોકો ખાસ તો ગરીબો અને ગ્રામ્ય વિસ્તારના લોકો હેરાન થઇ રહ્યા છે. વળી આધાર અપડેટ કરનારી એજન્સીમાં કર્મચારીઓની આછત છે. એ વાત તો કોઈ ન જ જાણે કે રોજીંદી મજુરી કે ખાનગી નોકરી કરનાર વ્યક્તિ આધાર આપડેટ માટે જાય ત્યારે 500 થી 600 ની રોજી પાડીને જાય છે માટે રેશનકાર્ડથી માંડીને અપાર આઈ.ડી. સુધીના તમામ દસ્તાવેજોના સુધારા તેને ખૂબ મોંઘા પડે છે. આ તમામ મુદ્દાઓ વિચારે તેવી નેતાગીરી આપણી પાસે નથી. વિપક્ષને પણ આવી પ્રજાલક્ષી બાબતો દેખાતી નથી. આજે જરૂર છે આધારકાર્ડ અને તે સંબંધિત ઉદ્ભવતા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવે તેવી ચર્ચાની. છેલ્લે એક વાત એ કે આધારકાર્ડમાં માત્ર પિતાના નામની સુવિધા છે તે સાથે પતિના નામની સુવિધા પણ કાયમી ધોરણે કરવામાં આવે તો શું વાધો આવે? પાનકાર્ડ અને પાસપોર્ટમાં છે જ, તે જ બાબત આધારકાર્ડમાં કેમ નહીં? ભારતીય જનતા પાર્ટીના વડીલ નેતાઓ સમજો માત્ર સત્તા મેળવવી જરૂરી નથી, શાસન પણ કરવાનું હોય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુંદરતા પામતા પહેલાં સુંદર બનવું પડે

આ ભારતીય સંસ્કૃતિ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ નથી, પણ હવે તો પશ્ચિમના લોકો પણ આપણી સંસ્કૃતિને અનુસરી સારું ગ્રહણ કરવાની વૃત્તિ રાખે છે. વાત છે આપણી મહિલા સૃષ્ટિની, તે પણ વસ્ત્રો પરિધાન કરવાની રીતો. આજકાલ ટી.વી. ચેનલો પર કોઇને કોઇ પ્રોગ્રામ ચાલતા હોય છે. મહિલાઓની ભૂમિકા લગભગ અગ્રેસર હોય છે. વાત કરીએ અમુક 'શો'ની દા.ત. કપિલ શર્મા, ઇન્ડિયન આઈડોલના મંચ પર બેઠેલી મહિલાઓ, સારેગામા વગેરે જેવા-'શો' પર નિર્ણાયકોની ટોળીમાં મહિલા વર્ગના વસ્ત્રો ખૂબ જ ન ગમે એવા હોય છે. આવું અંગ પ્રદર્શન શા માટે? 'શો'ના કર્તાહર્તાને પૈસા મળે તે જ જોવાનું હોય છે. પણ મહિલાઓએ આવા ટૂંકા વસ્ત્રો, જાંઘ કે ગળા નીચેના કોઇ પણ ભાગને દેખાડવા માટે ના પાડી દેવી જોઈએ.

સુરત - જયા રાણા

સ્મૃતિ ઈરાની, વિસ્મૃતિમાં નહિ ધકેલાવા જોઈએ

માજી સાંસદ, ભાજપ સરકારના ભૂતપૂર્વ મંત્રી તથા સબળ અભિનેત્રી સ્મૃતિ ઈરાની, ૨૦૨૪ની સંસદીય ચૂંટણીમાં હારી ગયા હતા. એમના કાર્યકાળ દરમ્યાન તેઓ સંસદમાં ધારદાર અને અસરકાર વાણીમાં અસ્ખલિત બોલતાં રહેતા હતા. ક્યારેક આક્રમક મૂડમાં પણ સવાલોના જવાબ આપતાં હતા. અંગ્રેજી અને હિન્દીમાં પ્રભાવશાળી ભાષણ કરી શકતાં હતાં. એક અભિનેત્રીને કારણે તેઓ પોતાના પોષાક બાબતે ઘણાં સભાન હતાં. લગભગ સાડીમાં સજ્જ, એવા સ્મૃતિ ઈરાની મુખ ઉપર લલાટની વચ્ચે મોટો ચાંદલો ચોડતાં હતાં. આમે ય મોટાભાગની હિન્દુ સ્ત્રી સાંસદો કપાળ ઉપર ચાંદલો ચોટાડતી રહી છે. સ્વ. સુષ્મા સ્વરાજ પણ લલાટે મોટી બિન્દી લગાવતાં હતાં. હાલનાં આપણાં નાણા મંત્રી નિર્મલા સીતારમણ પણ ચાંદલો કરતાં દેખાતાં રહે છે. સ્મૃતિ ઈરાની પણ આપણી સંસ્કૃતિને અનુરૂપ પરિધાન કરનાર સન્નારી હતાં. ચૂંટણીમાં હારી જતાં, સ્મૃતિ ઈરાની જાણે કે નેપત્યે સરી પડ્યાં હોય એવું લાગે છે. હવે હમણાં એમનું નામ ક્યાંય સંભળાતુ નથી. પણ અમને લાગે છે કે આટલાં પ્રભાવશાળી અને ભાજપને સમર્પિત સ્મૃતિ ઈરાનીને રાજ્યસભામાં તો કોઇ જગ્યાએથી સાંસદ તરીકે આરૂઢ કરવાં જોઈએ. એમની સેવાઓની દેશને પણ ઘણી જરૂરિયાત છે. માટે એમને ફરીથી કોઇ સારા પદે આરૂઢ કરવાં જોઈએ. ભાજપે એમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવવી જોઈએ.

સુરત - બાબુભાઈ નાઈ

મનગમતા ફિલ્મ દિગ્દર્શક: શ્યામ બેનેગલ

શ્યામ બેનેગલનો જન્મ તા. ૧૪-૧૧-૧૯૩૪માં હૈદરાબાદમાં થયો હતો. પિતા ફોટોગ્રાફર હતા. દસ સંતાનોમાંથી શ્યામને જ પિતાજીનો વારસો મળ્યો હતો. ફળસ્વરૂપે માત્ર બાર વર્ષની નાની વયે તેમને પોતાની પહેલી ફિલ્મ બનાવી હતી. વળી કવિતા અને વાર્તાઓ પણ લખતા હતા. કોલેજમાં રંગભૂમિ ઉપર સક્રિય હતા. અર્થશાસ્ત્ર વિષય સાથે બીએ કર્યા બાદ ફિલ્મમાં કામ કરવા તેઓ મુંબઈ આવ્યા. પ્રારંભમાં એડવેર્ટાઈઝિંગ એજન્સીમાં કોપી રાઈટર તરીકે કામ કર્યું. દરમ્યાન જાહેરાતની ૨૫૦ ટૂંકી ફિલ્મો તથા ૩૦ જેટલા દસ્તાવેજી ફિલ્મોનું સર્જન કર્યું. 'અંકુર' ફિલ્મથી ૧૯૭૩માં ફિલ્મ સર્જનનાં શ્રી ગણેશ કર્યા. એ પછી 'નિશાંત', 'મંથન', 'કોન્ફરા', 'મંડી', 'ઝનૂન', 'કલયુગ', 'સરદાર કે બેગમ', 'સુસ્મન', 'ત્રિકાલ', 'આરોહણ' અને 'સૂરજ કા સાતવા ઘોડા' ફિલ્મોનું સર્જન કર્યું હતું. વત્તા તેમણે 'ભારત એક ખોજ' તથા આપણા બંધારણ પર 'સંવિધાન' ટીવી સિરિયરનું પણ સર્જન કર્યું હતું. ભારત સરકારે તેમને ૧૯૭૬માં પદ્મશ્રી, ૧૯૯૧માં પદ્મભૂષણથી સન્માનિત કર્યા છે. ૨૦૦૫માં એમને ભારતીય સિનેમાનું સર્વોચ્ચ સન્માન 'દાદાસાહેબ ફાળકે' પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. એમને રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભાના સભ્ય તરીકે ૨૦૦૬ થી ૨૦૧૨ સુધી નિયુક્ત કરવામાં આવ્યા હતા. આવા મહાન દિગ્દર્શકનું ૨૩-૧૨-૨૦૨૪ના રોજ કિડનીની બીમારીમાં મુંબઈમાં અવસાન થયું.

વ્યારા - પ્રકાશ સી. શાહ

કથાકારો અને સમાજ

કથા કહેવા કે સાંભળવા પાછળનો મુખ્ય હેતુ લોકોને સાચું જ્ઞાન આપવાનો હોય છે. રામાયણમાંથી રામ અને ભરત જેવા ભાઈ બનવાનું શિખવવામાં આવે છે પરંતુ બહાર નીકળ્યા પછી રામ-ભરત મંડપમાં જ રહી જાય છે અને રાવણ સાથે થઈ જાય છે ક્યારેક મંથરા. ધર્મનો મૂળ હેતુ સત્ય છે. પરંતુ કથાકારના વાક્યો હવામાં વિલિન થઈ જાય છે. પરનારીની વાત બાજુ પર પણ પોતાની દીકરી, બહેન, ભાણેજ, ભત્રીજી, ભાભી પર જબરજસ્તી કર્યાના સમાચાર જ્યારે વાંચીએ છીએ ત્યારે કથા નથી સાંભળી કે કથાકાર અસર ઉપજાવી નથી શક્યા એમ નથી લાગતું? અભણોની વાત બાજુ પર જ્યારે દુષ્કર્મ શિક્ષિત વર્ગના લોકો જેવા કે ડોક્ટરો, શિક્ષકો, પ્રોફેસરો, ધર્મગુરૂ, સંતો દ્વારા આચર્યાના સમાચાર આવે છે ત્યારે એમ નથી લાગતું કે આપણે હજુ પશુમાંથી માનવ નથી બન્યા! કથા સાંભળવા જવું એ ટાઈમ પાસનું સાધન બની ગયું હોય એમ લાગે છે. આપણને વિધર્મીની ટીકા કરવાની ટેવ પડી ગઈ છે.

સુરત - પ્રવિણ પરમાર

શું ઔરંગઝેબની છાતી 56 ઇં